નવગુજરાત સમય, પાના નંબર :- ૦૭

તારીખ :- ૨૯/૧૨/૨૦૨૬

સુરતમાં સરોલીથી અંત્રોલી બુલેટ ટ્રેન સ્ટેશન સુધી મેટ્રોનું નેટવર્ક વિસ્તરશે

» 4.4 કિમીના મેટ્રો વિસ્તરણ માટે ટેન્ડર બહાર પડાયું, ત્રણ નવાં સ્ટેશન બનશે

નવગુજરાત સમય > સુરત

સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટને બુલેટ ટ્રેનના હાઈસ્પીડ રેલવે સ્ટેશન સાથે જોડવાની દિશામાં કામગીરી તેજ બની છે. સરોલીથી અંતરોલી સ્થિત સુરત હાઈસ્પીડ રેલવે સ્ટેશન સુધીના પ્રસ્તાવિત 4.4 કિલોમીટરના મેટ્રો વિસ્તરણ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. આ ટેન્ડર અંતર્ગત મેટ્રો રૂટમાં આવતી ભૂગર્ભ અને અન્ય ઉપયોગિતા સેવાઓને ખસેડવાની કામગીરી કરવામાં આવશે.

પ્રસ્તાવિત વિસ્તરણમાં 4.4 કિલોમીટરના માર્ગ પર એલિવેટેડ વાયાડક્ટ ઉપરાંત ત્રણ આધુનિક મેટ્રો સ્ટેશનોનું નિર્માણ કરાશે. જોકે, મેટ્રોના પિલર અને સ્ટેશનના નિર્માણમાં પાણીની લાઇનો, ડ્રેનેજ, ગટર વ્યવસ્થા, વીજળી અને ટેલિકોમ નેટવર્ક સહિતની સર્વિસના ભૂગર્ભ નેટવર્ક અડચણરૂપ બની શકે તેમ છે. આથી બાંધકામ શરૂ થાય તે પહેલાં તમામ સેવાઓનું સર્વેક્ષણ કરી સુરક્ષિત રીતે અન્ય સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરાશે.જીએમઆરસી દ્વારા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિયુક્ત એજન્સી પાણીની પાઇપલાઇનો, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, ભૂગર્ભ ગટર લાઇનો, વીજ કેબલ તેમજ ઇન્ટરનેટ અને ટેલિફોનની લાઇનોનું સ્થળાંતર કરશે. આ કામગીરીથી મેટ્રોના બાંધકામ દરમિયાન ટેકનિકલ અડચણો દૂર કરી પ્રોજેક્ટની કામગીરીને વેગ આપવાનો હેતુ છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, બાંધકામ પહેલાં જ ઉપયોગિતા સેવાઓનું વ્યવસ્થિત સ્થળાંતર કરાતા નાગરિકોને પાણી, વીજળી અને ઇન્ટરનેટ જેવી પાયાની સુવિધાઓમાં વિક્ષેપ ન પડે તેની પણ તકેદારી રાખી શકાશે. સરોલીથી અંતરોલી સુધી મેટ્રોનું જોડાણ થતાં ભવિષ્યમાં મુસાફરોને મેટ્રો મારફતે બુલેટ ટ્રેન સ્ટેશન સુધી પહોંચવાની સુવિધા મળશે.